

# સહિયરનો સાદ

ઑગસ્ટ-૨૦૦૮

# વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન કરેલ પ્રવૃત્તિઓની આછેરી ઝલક

## હિંસા કે અન્યાય સામેના સંઘર્ષમાં સ્ત્રીઓની પડખે સહિયર

ઘરમાં, કુટુંબમાં, કામના સ્થળે કે સમાજમાં હિંસા, અત્યાચાર, શોષણ કે અન્યાય સામે ન્યાય મેળવવા માટે સંઘર્ષ કરતી સ્ત્રીઓને સહિયર (સ્ત્રી-સંગઠન) કાઉન્સેલીંગ, કાનૂની સલાહ તેમજ સંવેદનાત્મક અને નૈતિક ટેકો પૂરો પાડે છે અને તેમના સંઘર્ષમાં તેમના પડખે રહે છે.

સહિયરના કાર્યકરો તમામ પક્ષો સાથે વાતચીત અને વાટાઘાટો દ્વારા બંને પક્ષને અનુકૂળ હોય તેવો નિર્ણય લેવામાં તેમને મદદરૂપ થાય છે અને જે કેસમાં તેમ શક્ય ન બને ત્યાં કાનૂની કાર્યવાહીમાં મદદરૂપ થાય છે. વર્ષ ૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન અનેક બહેનોએ પોતાના મનની વાત કરવા કાઉન્સેલીંગ સેન્ટરનો સંપર્ક કર્યો. જેમાંથી કુલ ૯૨ બહેનોએ પોતાના કેસ નોંધાવ્યા. ૭૩ બહેનોએ પતિ તેમજ સાસરિયા દ્વારા શારીરિક તેમજ માનસિક ત્રાસ, કૌટુંબિક હિંસા અંગે પોતાની ફરિયાદ નોંધાવી. જ્યારે ૨૪ કેસ અન્ય રીતે હેરાનગતિના હતા. જેમાં ૧ કેસ વિધવા હોવાથી સાસરિયા તરફથી પૈસાની લેવડ-દેવડ અંગે તેમજ માનસિક ત્રાસ, મિલકત માટે દીકરા-વહુ તરફથી ત્રાસના ૪ કેસ, પિયરના કુટુંબમાં પિતા, માતા, ભાઈ તરફથી ત્રાસ કે હેરાનગતિના ૪ કેસ, એકલી રહેતી સ્ત્રીઓને પાડોશી તરફથી શારીરિક-માનસિક ત્રાસના ૨ કેસ, બિલ્ડર તેમજ પોલીસ તરફથી ત્રાસનો ૧ કેસ, કાર્યસ્થળે માનસિક ત્રાસનો ૧ કેસ અને અન્ય ૯ કેસનો સમાવેશ થાય છે. અગાઉના વર્ષોમાં આવેલ ૪૯ કેસોની કાર્યવાહી ચાલુ છે.

**સ્ત્રીનું ઘર ક્યાં ?**

| | |
|---|---|
| પિતાને ઘેર પારકી.... | પારકે ઘેર જવાની છે. |
| પતિને ઘેર પારકી.... | પારકા ઘરથી આવી છે. |
| પુત્રને ઘેર પારકી.... | કદાચ જૂનવાણી છે. |

(નંદિની મહેતાની કવિતામાંથી સાભાર)

### કેટલીક વ્યથા-કથા અને સહિયરની ભૂમિકા

લગભગ ૪૫ વર્ષની ઉંમરનાં રેખાબહેન (નામ બદલેલ છે), જ્યારે ગ્રેજ્યુએટ થયા ત્યારે તેઓની ઉંમર ૨૧-૨૨ની હતી. સરકારી નોકરીમાં કામ કરતા તેમના પિતા બીમાર પડ્યા હતા. ઘરની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી બહેને નોકરી કરવાનું સ્વીકાર્યું અને માંગા આવતા હતા છતાં લગ્ન કરવાનું માંડી વાળ્યું. નાના ભાઈ-બહેનને ભણાવ્યા, પરણાવ્યા. ઘરના બાંધકામમાં પણ પિતાને મદદરૂપ થયાં. હાલમાં તેઓના પિતા સરકારી નોકરીમાંથી નિવૃત્ત છે, ભાઈ સારું કમાય છે, આર્થિક પરિસ્થિતિ પણ ઘણી સારી છે. હવે ઘરમાં બધાને તેઓ નડતરરૂપ થવા લાગે છે. તેઓને કહેવામાં આવ્યું કે હવે તું પણ કોઈને શોધીને લગ્ન કરી લે અને 'આ ઘરમાંથી જા'. ત્યારે રેખાબહેનને થયું કે આ ઘરને આર્થિક રીતે સધ્ધર કરવામાં મારો પણ એટલો જ ફાળો છે. હવે આ ઉંમરે તો હું ક્યાં જાઉં ? ભાઈ અને પિતાએ તેમને મારીને કાઢી મૂકયા અને માનસિક ત્રાસ આપી ગાંડી સાબિત કરવાનો પ્રયત્ન કર્યો. બહેને પોલીસ ફરિયાદ કરી પણ રહેવા માટે જગ્યા તો જોઈએને !

તૂટી જવાની અણી પર આવેલા રેખાબહેન સહિયરના સંપર્કમાં આવ્યા. અમે સતત કાઉન્સેલીંગ દ્વારા હિંમત પાછી આવે તેવી કોશિશ કરી. તેમના પિતા સાથે વાત કરી તેમને પણ સમજાવ્યા કે રેખાબહેને કુટુંબ માટે જે ભોગ આપ્યો છે તેથી તેમનો આ ઘરમાં નૈતિક રીતે અધિકાર છે અને કાયદેસર રીતે પણ દિકરીનો દિકરા જેટલો જ હક્ક છે. જ્યારે સૌને લાગ્યું કે રેખાબહેન હવે એકલા નથી અને તેમના પડખે કોઈ છે ત્યારે ભાઈઓ અને પિતા ઢીલા પડ્યા. ઉપરના માળે એક રૂમમાં તેમને રહેવા દીધા. તેમનો કેસ હજુ પણ કોર્ટમાં ચાલે છે.

(અનુસંધાન પાન ૪ ઉપર)

# કૌટુંબિક હિંસા અધિનિયમ ૨૦૦૫ના અમલીકરણ માટે ઝુંબેશ

આઝાદીના ૬ દાયકા વીતી ગયા બાદ પ્રથમ વખત પોતાના કુટુંબમાં હિંસાના ડર વગર રહી શકવાના સ્ત્રીઓના અધિકારનો સ્વીકાર કરતો કાયદો, કૌટુંબિક હિંસા અધિનિયમ, ૨૦૦૫ના સપ્ટેમ્બર મહિનામાં ભારતની સંસદે પસાર કર્યો અને એક વર્ષ બાદ ૨૬ ઑક્ટોબર ૨૦૦૬ના રોજ તેના અમલ માટેના નિયમો અને જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

આજ સુધીમાં સ્ત્રીઓની સુરક્ષા માટે પસાર કરવામાં આવેલ કેટલાક ફોજદારી કાયદાઓની સરખામણીમાં આ દિવાની કાયદો ઘણો અલગ છે અને તેનો મુખ્ય આશય આરોપીને ઉતાવળે સજા કરવાનો નથી પરંતુ હિંસાનો ભોગ બનેલ સ્ત્રી અને બાળકોને સુરક્ષા આપવાનો અને ભવિષ્યમાં હિંસા થતી રોકવાનો છે. તેમ છતાં કાયદાનો અમલ પણ થાય તે પહેલાં, તેની જોગવાઈઓની પૂરતી જાણકારી મેળવ્યા વગર અનેક પ્રકારની ગેર સમજણો પર આધારિત ચર્ચાઓ માધ્યમોમાં અને સમાજમાં થવા માંડી હતી.



ત્યારે આ કાયદાની જોગવાઈઓ, તેની પાછળના હેતુઓ અને તેની પશ્ચાદ ભૂમિકાને લોકો સમજી શકે તે માટે વર્ષ દરમ્યાન પત્રિકા વિતરણ, સહિ ઝુંબેશ અને અનેક વિસ્તારોમાં શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ''હિંસામુક્ત કુટુંબ એ હિંસામુક્ત સમાજનો પાયો છે'' - સેમીનારનું આયોજન

કૌટુંબિક હિંસા અધિનિયમ ૨૦૦૫ના અમલીકરણનું એક વર્ષ પૂરું થયાના સંદર્ભમાં ફેકલ્ટી ઑફ સોશ્યલ વર્ક, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા અને સહિયર (સ્ત્રી-સંગઠન)ના સંયુક્ત ઉપક્રમે એક સેમીનાર તા. ૬-૧-૨૦૦૮ના રોજ યોજવામાં આવ્યો.

**''હિંસામુક્ત કુટુંબ એ હિંસામુક્ત સમાજનો પાયો છે''**ના સૂત્ર હેઠળ યોજાયેલ આ સેમીનારનું ઉદ્‌ઘાટન શ્રી આર એ મહેતા (Retired Acting Chief of The Gujarat High Court)એ કર્યું હતું અને શ્રી કે કે ભટ્ટ (Principle District and Sessions Judge, vadodara) મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થીત રહ્યા હતા.

**ન્યાયમૂર્તિ શ્રી આર એ મહેતા**એ જણાવ્યું હતું કે, ''ઘણીવાર કહેવામાં આવે છે ન્યાયતંત્ર 'તટસ્થ' હોવું જોઈએ, તેણે સ્ત્રીઓના અધિકાર અંગે કે જેન્ડર જસ્ટીસ અંગે અલગથી કાંઈ કરવાની જરૂર નથી. પરંતુ આપણા સમાજમાં સ્ત્રીઓ પ્રત્યેના અન્યાયને દૂર કરવા માટે જેન્ડર જસ્ટીસની જરૂર છે અને તે બાબતના અલગ કાયદાઓની પણ જરૂર છે''. તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે, **''જેન્ડર જસ્ટીસ એ પુરુષ વિરોધી નથી''.** અને કૌટુંબિક હિંસા અધિનિયમ ૨૦૦૫ ખૂબ પ્રગતિશિલ કાયદો છે પણ તેના અસરકારક અમલ માટે સમાજમાં જાગૃતિ અને ન્યાયતંત્રમાં સંવેદનશીલતા કેળવાય તે પણ ખાસ જરૂરી છે.

**જસ્ટીસ શ્રી કે કે ભટ્ટ** આ અભિપ્રાય સાથે સહમત થતાં જણાવ્યું હતું કે, '' એવી દલીલ કરવામાં આવે છે કે સ્ત્રીઓ પરના અત્યાચારના ગુનામાં આખા કુટુંબનાં નામો ખોટી રીતે દાખલ કરવામાં આવશે... એ જ રીતે **ખૂનના ગુનામાં પણ ખોટાં નામો દાખલ કરવામાં આવે છે, પરંતુ તેથી આપણે એમ નથી કહેતા કે ખૂન સામેનો કાયદો ન હોવો જોઈએ. તો પછી માત્ર સ્ત્રીઓ અંગેના કાયદામાં જ આવી વાતો કેમ કરવામાં આવે છે ?** આ પ્રકારની વાત જેન્ડર બાયસ બતાવે છે.''

તેઓએ કાયદાના તાત્કાલિક અમલ અંગે ન્યાયતંત્રની મુશ્કેલીઓ વિષે વાત કરતાં જણાવ્યું કે ભારતની ૧૦૦ કરોડની વસ્તીમાં સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિથી શરૂ કરીને તાજેતરમાં દાખલ થયા હોય એવા પ્રોબેશન ઑફિસર સુધી બધાની ગણતરી કરીએ તો પણ માત્ર ૧૪,૦૦૦ ન્યામૂર્તિઓ જ છે ! તેમના કાર્યભારની કલ્પના કરી શકાય તેમ છે.

એડવોકેટ નૂપુર સિંહાએ (Centre for Social Justice, Ahmedabad) અધિનિયમની મુખ્ય જોગવાઈઓ તથા અન્ય કાયદાઓ સાથેનો સંબંધ દર્શાવતા જણાવ્યું કે આ એક દિવાની કાયદો છે, જેનો હેતુ સ્ત્રીને હિંસામાંથી તાત્કાલિક રાહત આપવાનો છે, આરોપીને સજા કરવાનો નહીં. તેમાં કાઉન્સેલીંગથી માંડીને ઘરમાં રહેવાના અધિકાર સુધીની અનેક રાહતો સ્ત્રીને મળી શકે છે.

સુશ્રી પુનમ કથુરિયા (SWATI)એ રાજ્ય તેમજ રાષ્ટ્રિય કક્ષાએ આ કાયદાના અમલીકરણના અનુભવો અંગે માહિતિ આપતાં જણાવ્યું હતું કે માત્ર દિલ્હી અને આંધ્રપ્રદેશમાં પૂરા સમયના સુરક્ષા અધિકારીની નિમણૂક કરવામાં આવી છે.

(અનુસંધાન પાન ૪ ઉપર)

# કિશોરીઓની સંગાથે

## બાળપણ વિદાય લે અને કિશોરાવસ્થા પગરણ માંડે ત્યારે...

આકાશને આંબવાની ઇચ્છાઓ અને પરિવાર, સમાજનાં બંધનોની શરૂઆત, કારકિર્દી ઘડવાનો સોનેરી સમય અને શારીરિક માનસિક ફેરફારોથી થતી મૂંઝવણ... નાના પણ ના કહેવાય અને મોટા પણ ના ગણાય એવા આ અવઢવના સમયગાળામાં કિશોરીઓ અને યુવતીઓને પોતાના શરીરમાં થતા શારીરિક અને માનસિક ફેરફારો વિશે પૂરતી જાણકારી હોતી નથી. સામાજિક અને કૌટુંબિક પ્રતિબંધોને કારણે પોતાની મૂંઝવણો જણાવી શકતી નથી અને ગુંગળામણ અનુભવે છે. સહિયર (સ્ત્રી સંગઠન)ના કાર્યકરો કિશોરીઓ સાથે તેમની સ્કુલોમાં તેમજ વિસ્તારોમાં જૂથચર્ચા અને વ્યક્તિગત મળીને તેમના પ્રશ્નો અને મૂંઝવણો દૂર કરવાના પ્રયત્નો કરે છે. સહિયર આ કાર્યક્રમ હેઠળ કિશોરીઓ સાથે વિવિધ પ્રવૃત્તિઓ કરે છે.



## શાળા તેમજ વિસ્તારમાં કિશોરીઓ સાથે શિબિરો જેમાં...

- કિશોરાવસ્થા દરમ્યાન છોકરીઓમાં થતા શારીરિક ફેરફારો, માસિકસ્રાવ અને તેને લગતા પ્રશ્નો, મુદ્દાઓ વિશે છોકરીઓના અનુભવો.
- કૌટુંબિક તેમજ સામાજિક બંધનોને કારણે માનસિક અને ભાવનાત્મક અસરો.
- કોઇપણ સંબંધમાં પોતાનું વ્યક્તિત્વ જાળવવું અને તે સંબંધમાં રાખવી પડતી કાળજી વિશે ચર્ચા.
- સૌંદર્ય સ્પર્ધાઓની અસર, સૌંદર્ય પ્રસાધનોની યુવતીઓ પર અસર, સૌંદર્ય અંગેની હકીકતો અને કલ્પનાઓ, તંદુરસ્તી જ સાચી સુંદરતા છે વગેરે વિષયો અંગે ચર્ચા કરવામાં આવી અને જરૂરી જાણકારી પણ આપવામાં આવી.

આ માટે વાર્તા, ગીતો, પોસ્ટરો, પત્રિકાઓના માધ્યમનો ઉપયોગ કરવામાં આવે છે જેથી વિદ્યાર્થિનીઓ ખૂલે અને તેમનો સહભાગ વધે.

**વર્ષ ૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન ૧૨ જેટલી સ્કુલો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૫૩ કિશોરીઓએ આ શિબિરોનો લાભ લીધો.**

## જાગૃતિ જૂથ

જે યુવતીઓ અભ્યાસ કરતી ન હોય, કંઇક શીખવાના બહાને ઘરની બહાર નીકળે અને જે અભ્યાસ કરે છે તે પણ બીજાં પૂરક કૌશલ્ય અને જાણકારી મેળવી શકે તે હેતુથી સહિયર (સ્ત્રી સંગઠન) જાગૃતિ જૂથ ચલાવે છે. અહીં પરસ્પર ભેગી મળી છોકરીઓ એકબીજા પાસેથી અને સહિયરના કાર્યકરો પાસેથી નવી નવી જાણકારી તેમજ ટૂંકા ગાળાની મહેંદીની, કોમ્પ્યુટર વગેરેની તાલીમ મેળવે છે.

છેલ્લાં દશ વર્ષથી ચાલતા આ કાર્યક્રમમાં ગયાં બે વર્ષ દરમ્યાન ''કૌશલ્ય અને સંવાદિતા''ના નામે સુમેળ સધાય એવા આશયથી આ કાર્યક્રમની દરેક બેચમાં અલગ અલગ ધર્મના સહભાગીઓને સમાવવામાં આવે છે. જેથી વડોદરાના પૂર્વ વિભાગના સંવેદનશીલ વિસ્તારની યુવતીઓમાં નવી કુશળતા શીખવાની સાથે સાથે તેમનો આત્મવિશ્વાસ વધે છે તેમજ તેમની વચ્ચે સ્વાભાવિક રીતે એકતા અને સુમેળ સધાય છે. તાલીમ દરમ્યાન હિન્દુ અને મુસ્લિમ બહેનો વચ્ચે મિત્રતા બંધાય છે અને એકબીજાના રીતરિવાજ, તહેવારો વગેરેથી પરિચિત થાય છે. તેઓ પોતાની મૂંઝવણો વિશે પણ એકબીજા સાથે મન ખોલીને વાત કરે છે.

કોમ્પ્યુટરની તાલીમ શરૂઆતમાં યુવતીઓ માટે રાખી હતી. પરંતુ મોટી ઉંમરની બહેનોનો ઉત્સાહ અને જરૂરિયાતને ધ્યાનમાં લઇ આ વર્ષે તેમનો પણ સમાવેશ કરેલ છે. જેથી અહિંયા ૧૬-૧૭ વર્ષની કિશોરીઓ સાથે ૫૦-૫૫ વર્ષની બહેનો પણ તાલીમ લઇ રહી છે.

**વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન કુલ ૯૯ તાલીમાર્થીઓએ કોમ્પ્યુટર, મહેંદીની તાલીમમાં ભાગ લીધો છે.**

## કોમ્પ્યુટર તાલીમ જ નહીં, બીજું પણ ઘણું બધું...

''મને સહિયર સ્ત્રી-સંગઠનમાં આવીને ઘણો જ આનંદ થયો. હું અહીં કોમ્પ્યુટરનાં બેઝીક કોર્સ શીખી અને સહિયર સ્ત્રી સંગઠનની બીજી ઘણી બહેનોના સંપર્કમાં આવી અને એમને જોઇને પણ મારો ઉત્સાહ વધ્યો. સૌથી સારી ખાસિયત એ છે કે અહિંયા ઘણી બધી અલગ અલગ પ્રવૃત્તિ અને શિબિરો યોજાય છે.

તેમાં અમને જેનું જ્ઞાન નથી હોતું તે વિષે જ્ઞાન મળે છે... કોર્ટ, પોલીસ સ્ટેશન, હેલ્થકેર... જે સ્થળો પર ક્યારેય ગયા ન હોય તેવાં સ્થળો પર પણ જઇ નવું નવું અમને સંસ્થા તરફથી જાણવા મળ્યું. જે સ્ત્રીઓ ઘરની બહાર નીકળી ન હતી

તે બહાર જઈ નવું નવું જાણી શકે તેવી તક મળી. લાગતું નથી કે આપણે કોઈ નવી જગ્યાએ આવ્યાં છે... બધી બહેનો પણ સારી છે, પરિવારની જેમ રાખે છે.''

**ભાટી નફિસા**

''નારી વતી, નારી માટે અને નારીથી ચાલતી આ એક સંસ્થા છે. જ્યાં બધા એક પરિવારની જેમ રહે છે. સહિયરનું વાતાવરણ એક સંસ્થાની જેમ નહીં પરંતુ એક ઘર જેવું લાગે છે. સહિયરમાં અનેક પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે જેવી કે મહેંદી ક્લાસ, કોમ્પ્ટુયર ક્લાસ વગેરે જે સૌને પોસાય તેવી મામૂલી ફીમાં શીખવાડવામાં આવે છે. સહિયરમાં શિબિર ભરાય છે ત્યારે સરસ ગીત ગાઈને શરૂઆત કરાય છે. અને તે ગીત વિશે સમજાવે છે. શિબિરમાં નારીને તેના રક્ષણ માટે શું કરવું જોઈએ તે વિશે સમજાવે છે. સહિયરમાં ગરીબ છોકરીઓને ભણવા માટે આર્થિક સહાય પણ આપવામાં આવે છે. એવાં તો બીજાં ઘણાં સારાં કામો આ સંસ્થા કરે છે.''

**સુનિતા વી પટેલ**

''સહિયર (સ્ત્રી-સંગઠન) સંસ્થા તરફથી બહેનો માટે જે રાહત દરે કોર્સ છે તે ખરેખર સરાહનીય છે. જેમાં આર્થિક રીતે નબળી હોય તેવી બહેનો માટે આ સંસ્થા વિવિધ રીતે મદદરૂપ થાય છે. બહેનો ઉપર થતા અત્યાચાર-હિંસાનો ઉકેલ કાઢીને સ્ત્રીને મદદરૂપ થવામાં સહિયરની બહેનો તરફથી સક્રિય પ્રયત્નો થાય છે. આ સંસ્થામાં જોડાયા પછી ઘણું નવું નવું જાણવા મળ્યું. સ્ત્રીઓને આર્થિક, માનસિક રીતે મજબુત બનાવવા માટે આ સંસ્થા ખૂબ જ મદદરૂપ થઈ છે. હું એવું ઇચ્છું છું કે આ સંસ્થા દ્વારા બીજા નવા નવા કોર્ષ ચાલુ કરવા જોઈએ જેથી સ્ત્રીઓ ઘરની બહાર નીકળી શકે...''

**પરેશા દવે**

**જો આપ જૂનું કોમ્પ્યુટર બદલીને નવું લેવાના હોવ તો આપનું જૂનું કોમ્પ્યુટર (ચાલુ હાલતમાં) કીશોરીઓની તાલીમ માટે આપવા અપીલ !**

## અભ્યાસ ચાલુ રાખવા માટે શિષ્યવૃત્તિની મદદ

શિબિરો તેમજ જાગૃતિજૂથની પ્રવૃત્તિ દરમ્યાન એવી ઘણી છોકરીઓના સંપર્કમાં આવવાનું બને છે જે આર્થિક કારણોસર અભ્યાસ ચાલુ રાખી શકી ન હોય અથવા આગળ ભણવા માંગતી હોય પણ કુટુંબમાંથી પરવાનગી મળતી ન હોય. તેમના પરિવાર સાથે વાચતીત કરી છોકરીના ભણતરનો આર્થિક બોજો નહીં પડે તેવી ખાતરી આપતાં કેટલીયે છોકરીઓ પોતાની કારકિર્દી ઘડી શકે છે. આ છોકરીઓને સ્કોલરશીપ આપવા માટે સહિયરના શુભેચ્છકો પાસેથી ખાસ સહાય માંગવામાં આવે છે. શુભેચ્છકો રૂ. ૧૫૦૦ થી ૨૫૦૦નું યોગદાન આપી એક છોકરીના ભણતરમાં સહાય કરે છે.

**ગયા વર્ષ દરમ્યાન ૨૮ છોકરીઓને અભ્યાસ માટે સહાય આપી શક્યા છીએ. આપનું એક નાનકડું યોગદાન કોઈની જિંદગી બદલી શકે છે !**

## કેટલીક વ્યથા-કથા અને સહિયરની ભૂમિકા

(પાન ૧નું ચાલુ)

રેહાના બહેનને તેમના પતિએ મારપીટ કરીને તેમનું છ મહિનાનું બાળક લઈ લીધું અને ઘરની બહાર કાઢી મૂક્યાં. તેઓ ખૂબ જ રડતાં હતાં. તેમને બાળક જોઈતું હતું. સહિયરના કાર્યકર તેઓના પતિને મળ્યા અને સાસુ, સસરા, નણંદ, ઘરની બધી વ્યક્તિને મળ્યા. સૌ પ્રથમ તેમનું બાળક બહેનને અપાવ્યું. ત્યારબાદ બંને પક્ષની બે-ત્રણ વાર મુલાકાત ગોઠવી અને ચર્ચાઓ દ્વારા ઝઘડાનાં મૂળ સુધી પહોંચ્યા અને સમજાવટ દ્વારા હવે પતિ-પત્ની સંયુક્ત કુટુંબથી અલગ, મકાન રાખીને સાથે રહે છે.

લગ્ન થયે ૨૦-૨૨ વર્ષ થયા પછી મીનાબહેનને ૪૨-૪૫ વર્ષની ઉંમરે તેમના પતિએ મારીને ઘરની બહાર કાઢી મૂક્યાં. ૨૦ વર્ષમાં ૨૦ વાર બહેનને ઘરમાંથી કાઢી મૂક્યાં હતાં. બહેનને ત્રણ દીકરા હતા. ત્રણથી ચાર વાર તો તેઓ નારી સંરક્ષણ ગૃહમાં રહી ચૂક્યા છે. દર વખતે ત્યાંથી સમાધાન કરી બહેનને ઘરે પાછા મોકલવામાં આવે અને ફરી ઘરમાં પતિની મારઝુડ શરુ થાય. આ વખતે સહિયરનો સંપર્ક કર્યો. આ કેસમાં નવો આવેલ કાયદો ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ હેઠળ ફરિયાદ નોંધાવી. બહેન હવે સમાધાન કરી પતિ સાથે રહેવા માંગતા ન હતા. તેઓના બે મકાન છે તો બીજા મકાનમાં અલગથી બાળકો સાથે રહેવા ઇચ્છતા હતા. જે નવા કાયદા મુજબ શક્ય હતું પરંતુ કોર્ટે પણ તેમ ન કરતાં બહેનને સમાધાન કરી સાથે રહેવાનો હુકમ કર્યો....

## કૌટુંબિક હિંસા અધિનિયમ....

(પાન ૨નું ચાલુ)

બીજાં બધાં રાજ્યોમાં મોજૂદ સરકારી અધિકારીઓને જ વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. **ગુજરાત જેવાં રાજ્યો પોતે અમલ કરી રહ્યાં છે તેવું બતાવવામાં હોંશિયાર છે પણ અમલ કરનાર તંત્ર વાસ્તવમાં અસરકારક નથી.**

વડોદરાના **સુરક્ષા અધિકારી શ્રી આઈ બી ચૌધરી**એ જણાવ્યું કે આ કાયદો અને તેમાં સુરક્ષા અધિકારીની ભૂમિકા પણ ખૂબ જ મહત્ત્વના છે. પરંતુ હાલમાં તેઓને સમાજ સુરક્ષા ખાતાની અન્ય જવાબદારીઓની સાથે સાથે આ વધારાની જવાબદારી સોંપી હોઈ તેમજ તે માટે કોઈ વધારાની સગવડો મળતી ન હોઈ પોતાની ભૂમિકા અસરકારક રીતે બજાવવામાં મુશ્કેલી પડે છે.

સ્વાતિ, અવાગ, આનંદી, દસ્તક, શહરવાસુ, એક્શન એઈડ, સહિયર (સ્ત્રી-સંગઠન)ના પ્રતિનિધિઓએ અધિનિયમના અમલ બાબતે પોતાના કોર્ટ, સુરક્ષા અધિકારી અને અન્ય અમલીકરણ તંત્ર સાથેના હકારાત્મક તેમજ નકારાત્મક અનુભવો જણાવ્યા હતા.

# જાતીય શોષણથી મુક્ત સમાજ : આપણો અધિકાર

ફેબ્રુઆરી મહિનામાં પ્રકાશમાં આવેલી પાટણની પી ટી સી કોલેજમાં પ્રાધ્યાપકો દ્વારા દલિત વિદ્યાર્થિની સાથે બનેલ સામૂહિક બળાત્કાર અને લાંબા સમયથી ચાલતા જાતીય શોષણની ઘટના કોઈપણ સંવેદનશીલ વ્યક્તિને હચમચાવી મૂકે તેવી છે. તેનાથી જે સ્વયંભૂ આક્રોશ ગુજરાતમાં જોવા મળ્યો તેમાં સ્વાભાવિક રીતે જ સહિયર પણ પાછળ ન હતું. યુવતીને ટેકો આપવાના કાર્યક્રમોની સાથે સાથે આ ઘટનાનું વિશ્લેષણ કરી ફરીથી આવી ઘટના ન બને તે માટે પણ ઝુંબેશ ચલાવી.

## યુવતીના ટેકામાં...


'પાપી' શિક્ષકો સામે રોષ

રાજ્યની તમામ સંસ્થાઓમાં જાતીય સતામણી વિરોધી સમિતિઓ રચો

- વડોદરામાં દેખાવો તથા સહિ ઝુંબેશ કર્યા.
- પાટણનાં સ્થાનિક સંગઠનો દ્વારા યોજાયેલ સભામાં સહભાગી બન્યા અને તેમને તમામ પ્રકારના સહકારની ખાતરી આપી.
- યુવતીએ નવસર્જન ટ્રસ્ટ પાસે રહેવાનું નક્કી કર્યું ત્યારે નવસર્જનને તમામ જરૂરી ટેકાની ખાતરી આપી.
- નેશનલ કમિશન ફોર વીમેનની ઈન્કવાયરી કમિટિના સભ્ય ડૉ અમી યાજ્ઞિક સમક્ષ લેખિત રજૂઆત કરી.
- પી યુ સી એલ વડોદરા સાથે નાગરિક સંમેલન યોજવામાં સહભાગી બન્યા.
- તપાસના પ્રત્યેક તબક્કે સરકારે જયારે ભીનું સંકેલવાની કોશિશ કરી ત્યારે તેની સામે રજૂઆત કરી. જેમકે...

☞ સરકારે પાટણ પી ટી સી ની તમામ વિદ્યાર્થિનીઓનું મેડીકલ ચેકઅપ કરાવવાનું નક્કી કર્યું હોવાના અહેવાલો છાપામાં આવતા, આ નિર્ણય તાત્કાલિક રદ કરવા માટે પાટણ કલેક્ટર સાથે વાત કરી ગુજરાત સરકારને ફેક્સ મોકલ્યો, કારણ કે આવા પગલાથી આ છોકરીઓ સામે સમાજમાં બિનજરૂરી આંગળી ચીંધામણા થાય અને તેઓ આ કેસમાં પુરાવા આપતાં ડરે તેથી સહિયરે સ્પષ્ટ જણાવ્યું કે, **''છોકરીઓની માંગણી વગર તેમનું ફરજિયાત મેડીકલ ચેકઅપ કરાવવું તે તેમના શરીર, મન અને વ્યક્તિત્વ સાથેની ગેરકાયદેસરની દખલગીરી છે. ખૂબજ સંવેદનશીલ રીતે અને જેમને જાતીય સતામણીના કેસમાં કાઉંસેલીંગ કરવાનો અનુભવ હોય તેવા કાઉન્સીલરો દ્વારા આ વિદ્યાર્થિનીઓના કાઉંસેલીંગની તાત્કાલિક વ્યવસ્થા કરો.''**

☞ આ કેસની તપાસ શંકાસ્પદ પોલીસ અધિકારીઓ કે જેમની સામે મહિલાઓ પર અત્યાચારના કેસ છે તેમને સોંપવા સામે.

☞ છોકરીઓને ડરાવી-ધમકાવીને કેસ નબળો પાડવામાં મદદરૂપ બને તેવા રાજકીય વગ ધરાવતા પ્રિન્સિપાલની પાટણમાં નીમણૂક કરવા સામે.

☞ વાલી મંડળના આગેવાનને તેમની નોકરીમાં હેરાન કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યા હોવાના સમાચાર અંગે સરકાર સમક્ષ વિરોધ નોંધાવ્યો.

## આ ઘટનાએ અનેક પ્રશ્નો ઊભા કર્યા છે

બિલાડીના ટોપની જેમ ફૂટી રહેલી સંસ્થાઓ અને ટ્રસ્ટો લાગવગ અને ઓળખાણથી શિક્ષણ સંસ્થાઓ ચલાવવાની પરવાનગી મેળવી લે છે પરંતુ તેમાં શું ચાલી રહ્યું છે તેની દેખરેખ રાખવાની દરકાર પણ શિક્ષણખાતું કરતું નથી, ત્યારે શિક્ષણના ખાનગીકરણનાં ભયસ્થાનો તેમાં જોવા મળે છે.

ભાવિ શિક્ષકોને શિક્ષણ આપવાની સંસ્થામાં બનેલ આ ઘટના ફરી એકવાર સ્ત્રીઓ અને સમાજના દલિત આદિવાસી જેવા કચડાયેલા વર્ગોની સાચી સ્થિતિ છાપરે ચડીને જાહેર કરે છે. **ઉપરાંત જાતીય સતામણીની શરૂઆત થાય ત્યારે તે અંગે કોઈની પણ સાથે વાત કરી શકાય તેવી વ્યવસ્થાનો સદંતર અભાવ દર્શાવે છે.**

૧૯૯૭માં સુપ્રિમ કોર્ટે વિશાખા વિ રાજસ્થાન સરકારના કેસમાં, શિક્ષણ સંસ્થાઓ સહિતનાં તમામ કામનાં સ્થળોએ સ્ત્રીઓની જાતીય સતામણી રોકવા માટેની વ્યવસ્થા ગોઠવવાનો ચુકાદો આપ્યો હતો, જેના પગલે સ્ત્રીઓ જાતીય સતામણીના ડર વગર પોતાની કારકિર્દી ઘડી શકે તેવું વાતાવરણ ઊભું થશે તેવી આશા બંધાઈ હતી. પરંતુ આ

ચુકાદાને ૧૦ કરતાં વધારે વર્ષો વીતી ગયાં છતાં તમામ કામનાં સ્થળોએ કે શિક્ષણ સંસ્થાઓમાં તેનો અમલ થાય તે માટે કેન્દ્ર સરકારે કે ગુજરાત સરકારે અસરકારક પગલાં ભર્યા નથી.

**સહિયરે બળાત્કારનો ભોગ બનેલી યુવતીને ટેકો આપવા ઉપરાંત આ બીજા મહત્ત્વના પાસા પર ધ્યાન આપી આવી વ્યવસ્થા ઊભી થાય અને પાટણ જેવી ઘટના ફરીવાર ન બને તે માટે સતત ઝુંબેશ ચલાવી.**

નીચે મુજબની માંગણીઓ માટે સહિ ઝુંબેશ, દેખાવો તેમજ અન્ય જાહેર કાર્યક્રમોનું આયોજન કર્યું, જેમાં વડોદરા શહેરના નાગરીકો અને વિદ્યાર્થીઓએ ખૂબ મોટી સંખ્યામાં ભાગ લઈ પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો.

**માંગણીઓ....**

(૧) પાટણની પી ટી સી કૉલેજમાં પ્રાધ્યાપકો દ્વારા દલિત વિદ્યાર્થિની સાથે બનેલ સામૂહિક બળાકાત્ક અને લાંબા સમયથી ચાલતા જાતીય શોષણની ઘટનાની ઊંડી તપાસ કરી તમામ ગુનેગારોને તાત્કાલિક સજા કરો.

(૨) આ અંગે તાત્કાલીક પગલાં લેવામાં નિષ્ફળ ગયેલ આચાર્ય અને સંચાલક મંડળની સાંઠગાંઠની તપાસ કરી તેમની પર પણ શિક્ષાત્મક પગલાં ભરો. જો માજી શિક્ષણમંત્રી સહિતના શિક્ષણખાતાના જવાબદાર અધિકારીઓ કે કોઈપણ રાજકારણીઓની સાંઠગાંઠ બહાર આવે તો તેમની પર તાત્કાલિક પગલાં ભરો.

(૩) વિશાખા વિ રાજસ્થાન સરકારના કેસમાં સુપ્રિમ કોર્ટે આપેલી ગાઈડ લાઈન મુજબ ગુજરાત રાજ્યની તમામ કામ કરવાની જગ્યાઓ તથા શૈક્ષણિક સંસ્થાઓ- શાળા, કૉલેજ, આશ્રમશાળા, હોસ્ટેલો-માં જાતીય સતામણીના બનાવોને રોકવા, તે અંગે જાગૃતિ ફેલાવવા તેમજ જો કોઈ ઘટના બને તો તેની તપાસ કરવા વિશ્વસનીય ''જાતીય સતામણી વિરોધી સમિતિઓ''ની રચના તાત્કાલિક કરો.

(૪) મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં સુપ્રિમ કોર્ટ તેમજ યુ જી સી ની ગાઈડ લાઈન મુજબ તમામ ફેકલ્ટી, સંસ્થાઓ અને પ્રોજેક્ટ્સ હોસ્ટેલમાં વિદ્યાર્થિનીઓ, પી એચ ડી કરનાર વિદ્યાર્થિનીઓ, કાયમી તથા હંગામી અધ્યાપિકાઓ, કાયમી તથા હંગામી બિનશૈક્ષણિક સ્ત્રી કર્મચારીઓના પૂરતા પ્રતિનિધિત્વવાળી ''જાતીય સતામણી વિરોધી સમિતિ''ની રચના કરો.

(૫) સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈનમાં જણાવ્યા મુજબ આ સમિતિની ચેરપરસન સ્ત્રી હોવી જોઈએ અને તેમાં ઓછામાં ઓછો એક સભ્ય સ્ત્રીઓની જાતિય સતામણીનો કેસ કરવાનો અનુભવ ધરાવતો હોય તેવી સ્વૈચ્છિક સંસ્થામાંથી હોવું જોઈએ.

(૬) પ્રત્યેક સંસ્થામાં આ ''જાતિય સતામણી વિરોધી સમિતિ''નાં કાર્યો તેમજ તેમનાં સભ્યોનાં નામ, સરનામાં, ફોન નંબર અંગેની જાણકારી પ્રત્યેક વિદ્યાર્થિની, શિક્ષિકા અને કર્મચારીને મળે તેવી વ્યવસ્થા કરો.

## સરકારના અધૂરા પ્રતિભાવો

સહિયર (સ્ત્રી-સંગઠન) સહિત અનેક સંસ્થાઓ દ્વારા થયેલી માંગણીઓના અનુસંધાનમાં શિક્ષણ વિભાગ દ્વારા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક જાતિય સતામણી રોકવા ત્રણ શિક્ષિકાઓ અને જ્યાં ત્રણ શિક્ષિકા ન હોય ત્યાં મહિલા વાલીને સાંકળીને ૧૫ દિવસમાં સમિતિ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

આ અધૂરા પગલા સામે સહિયરે રજૂઆત કરી કે સરકાર પોતાના પરિપત્રમાં ફેરફાર કરી વિશાખા વિ રાજસ્થાન સરકારના કેસમાં સુપ્રિમ કોર્ટે આપેલ ગાઈડલાઈન મુજબની સમિતિ બનાવવાનો પરિપત્ર બહાર પાડે. જે મુજબ....

(૧) આ સમિતિએ માત્ર ફરિયાદ થાય ત્યાર પછી જ પગલા લેવાની નહીં પરંતુ આ પ્રકારના બનાવોને ''બનતા રોકવા માટે''ની કાર્યવાહી કરવી પણ જરૂરી છે.

(૨) સતામણી જ્યારે ઉપરી અધિકારી અથવા ઊંચો હોદ્દો કે લાગવગ ધરાવનાર વ્યક્તિ દ્વારા થતી હોય ત્યારે સંસ્થામાં રહીને જ જેમને કામ કરવાનું હોય તેવા સભ્યો માટે તેનો વિરોધ કરવાનું મુશ્કેલ બને છે. તેથી સુપ્રિમ કોર્ટના જણાવ્યા મુજબ સંસ્થાની બહારની તટસ્થ અને જેને આ પ્રકારના કેસમાં કામ કરવાનો અનુભવ હોય તેવી સ્ત્રી સભ્ય તમામ સમિતિમાં હોવી જરૂરી છે. જો વ્યવહારુ રીતે તમામ સમિતિમાં તેમ કરવું શક્ય ના હોય તો જીલ્લા કક્ષાએ જેમને જાતિય સતામણીના કેસમાં કામ કરવાનો અનુભવ હોય તેવી સ્ત્રી સંસ્થાઓના પ્રતિનિધિઓની સમિતિ બનવી જોઈએ કે જે શાળા કક્ષાની સમિતિને મદદ કરી શકે.

(૩) શાળા કક્ષાની સમિતિમાં જે સભ્યોની નિમણૂક કરવામાં આવે તેમને જાતિય સતામણીના પ્રશ્નમાં જાગૃતિનું તેમજ ફરિયાદની તપાસનું કામ કઈ રીતે કરવું તેની તાલીમ આપવામાં આવે.

## મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં જાતીય સતામણી વિરોધી સમિતિ માટે ઝુંબેશ

દિલ્હી, મુંબઈ, હૈદ્રાબાદ અને દેશના તમામ ભાગોમાં આવેલી યુનિવર્સિટીઓમાં સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ અને યુ જી સી ની ગાઈડલાઈન મુજબ જાતીય સતામણી વિરોધી સમિતિની રચના કરવામાં આવી છે પરંતુ સંસ્કારી નગરી

હોવાનો દાવો કરતા વડોદરામાં શ્રી સયાજીરાવની ભેટ એવી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સત્તાધીશોએ છેલ્લાં બાર વર્ષથી યુનિવર્સિટીમાં કામ કરતી તેમજ અભ્યાસ કરતી સ્ત્રીઓ અને યુવતિઓ નિશ્ચિંતપણે કારકિર્દી ઘડી શકે તે માટે જાતિય સતામણી વિરોધી સમિતિ નીમવામાં આંખ આડા કાન કર્યા છે.

૧૯૯૭થી આ માંગણી સાથે સહિયર સંકળાયેલું છે અને પાટણ ઘટના પછી ફરી એક વાર આ ઝુંબેશને વેગ આપ્યો. 'યુનિવર્સિટી ફોરમ ફોર વીમેન'ને ફરીથી સક્રિય બનાવવાના પ્રયત્નોમાં સામેલ થયા. તે ઉપરાંત સહિયર (સ્ત્રી-સંગઠન) દ્વારા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે આ અંગે પત્રિકા વિતરણ, ચર્ચા, શિબિર વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. જેના ભાગરૂપે સહિયર તેમજ વિદ્યાર્થિનીઓના પ્રતિનિધિઓ દ્વારા ૧૫૦૦ કરતાં વધારે સહીઓ સાથેનું આવેદનપત્ર તે વખતના વા ચા ડૉ મનોજ સોનીને ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૮ના રોજ સુપ્રત કર્યું હતું. આ પ્રતિનિધિ મંડળને વા ચા ડૉ મનોજ સોનીએ ખાતરી આપી હતી કે આગામી ૧૫ દિવસમાં સમિતિની જાહેરાત કરવામાં આવશે. પરંતુ આવી જાહેરાત ન થતાં ફરી એક વાર નવા વા ચા પ્રો રમેશ ગોયલને જુલાઈ મહિનામાં પત્ર લખી પોતાનું માંગણીપત્ર સુપ્રત કર્યું હતું. તેના જવાબરૂપે મ સ યુનિવર્સિટીમાં સમિતિની રચના કરવામાં આવી છે. જો કે આ સમિતિ સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન મુજબની ન હોઈ તેમાં ફેરફાર કરવાની માંગણી સાથે ઝુંબેશ ચાલુ જ છે.

સમિતિના લગભગ બધા જ સભ્યો યુનિવર્સિટીના વહીવટીતંત્ર અથવા એકેડેમીક તંત્રમાં ઉચ્ચ સ્થાનો પર હોય તેવા લોકો જ છે. એ જાણીતી હકીકત છે કે જાતીય સતામણીને સત્તાની સમતુલા સાથે સીધો સંબંધ છે. એને મોટે ભાગે વહીવટી તંત્ર કે એકેડેમિક તંત્રમાં નીચલાં સ્થાનો પર રહેલ સ્ત્રીઓ સાથે જાતીય સતામણી થવાની શક્યતાઓ વધારે હોય છે. આ સમિતિમાં લેકચરર, હંગામી શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ, પી એચ ડી અને સંશોધન કરતી વિદ્યાર્થિનીઓ, હોસ્ટેલની વિદ્યાર્થિનીઓ તેમજ ચોથા વર્ગના કર્મચારી બહેનોનું કોઈ પ્રતિનિધિત્વ નથી, તેથી ઉપરનાં તમામ જૂથોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા વિચારણા કરી તેમના પ્રતિનિધિઓનો તાત્કાલિક આ સમિતિમાં સમાવેશ કરવામાં આવે તેવી માંગણી કરી છે જેથી આ સમિતિમાં વિશ્વસનિયતાનો અભાવ ન રહે. અન્ય યુનિવર્સિટીઓમાં તમામ પ્રકારનાં જૂથોને સમાવવાની વ્યવસ્થા ગોઠવાયેલી જ છે.

**–: નવું પ્રકાશન :–**

**સ્વસ્થ સમાજ : જાતીય શોષણથી મુક્ત સમાજ**

**શૈક્ષણિક સંસ્થાઓમાં 'જાતીય સતામણી વિરોધી સમિતિ' માટેના સાહિત્યનું સંકલન.**

**સહયોગ રાશી રૂપિયા ૨૦.૦૦**

## સહિયર (સ્ત્રી સંગઠન) તરફથી એક નવી શરૂઆત

૧૪ એપ્રિલના રોજ શહેરની મધ્યમાં સહિયર (સ્ત્રી સંગઠન)ના એક નવા કાર્યાલયની શરૂઆત માતૃશ્રી ગંગાબા વ્યવસાયીની ગૃહ, શ્રીમહારાણી ચિમનાબાઈ સ્ત્રી સમાજના સહયોગથી તેમના સૂરસાગર સામે આવેલ મકાનમાં કરી છે.

આશા છે કે શહેરના પશ્ચિમ વિસ્તારના જે શુભેચ્છકોને આજવા રોડ સુધી આવવાની મુશ્કેલી લાગતી હતી તેઓ આ નવા કાર્યાલયનો લાભ લઈ શકશે. આ નવા કાર્યાલયમાં...

**પુસ્તકાલય :** સોમથી શનીવાર ૧૧.૦૦ થી ૬.૦૦

**કાઉન્સેલીંગ સેન્ટર :** સોમ, બુધ, શની ૩.૦૦ થી ૬.૦૦

**(કુટુંબ, સમાજ કે કામના અને શિક્ષણના સ્થળે સ્ત્રી તરીકે થતી સમસ્યાઓ માટે)**

આજ મકાનમાં શ્રીમહારાણી ચિમનાબાઈ સ્ત્રી સમાજના સહયોગમાં સહિયરની સાથી સંસ્થા સંગીની માતૃશ્રી ગંગાબા વ્યવસાયીની ગૃહ પણ ચલાવે છે.

## વિકસતા જતા વડોદરા શહેરની મધ્યમાં વીમેન્સ હોસ્ટેલની શરૂઆત

### માતૃશ્રી ગંગાબા વ્યવસાયિની ગૃહ

આધુનિક સમાજમાં અનેક સ્ત્રીઓને પોતાનું ઘર અને ગામ છોડીને કામકાજ કે વ્યવાસય માટે બીજા શહેરમાં રહેવાની જરૂરિયાત દિવસે દિવસે વધતી જાય છે. પરંતુ રહેવાની સલામત જગ્યાઓની અછતને કારણે કેટલીય સ્ત્રીઓને સારી નોકરી કે પ્રમોશનની તક જતી કરવી પડે છે. વિકસતા જતા વડોદરા શહેરમાં ગુજરાતના અન્ય શહેરો, ગામો કે બીજા રાજ્યોમાંથી પણ અનેક મહિલાઓ નોકરી કરવા આવે છે. તેમને રહેવા માટે તેમજ તેઓ નિશ્ચિંતપણે પોતાની કારકિર્દી ઘડી શકે અને સાથે પરસ્પરના સહકારથી પોતાનો સ્વવિકાસ પણ કરી શકે તેવા આશયથી **સંગીની** તથા **શ્રી મહારાણી ચિમનાબાઈ સ્ત્રીસમાજના** સંયુક્ત ઉપક્રમે વર્કીંગ વીમેન હોસ્ટેલની શરૂઆત તા. ૧ જુલાઈથી કરવામાં આવેલ છે. ખાસ સંજોગોમાં અનુસ્નાતક કે વ્યવસાયલક્ષી કોર્સમાં અભ્યાસ કરતી યુવતીઓને પણ એડમીશન આપવામાં આવે છે.

**–: સંપર્ક :–**

**c/o માતૃશ્રી ગંગાબા વ્યવસાયિની ગૃહ**

**ન્યાયમંદિર પાસે, મ્યુઝિક કોલેજની બાજુમાં, વડોદરા. ફોન નં. : ૦૨૬૫-૨૪૧૭૦૯૨**

# કેટલાક મહત્ત્વના દિવસોની ઉજવણી

## ૧૦ ડિસેમ્બર, માનવ અધિકાર દિન

માનવ અધિકાર દિનની ઉજવણીના ભાગરૂપે ૧૦ ડિસેમ્બર, માનવ અધિકાર દિને ન્યાયમંદિર - ભગતસિંહના પૂતળા પાસે જાહેર દેખાવોનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો નારો હતો,

**''સ્ત્રીઓના અધિકાર એ માનવ અધિકાર છે,**
**સ્ત્રીઓ પરની હિંસા એ માનવ અધિકારનો ભંગ છે.''**
**''આવો, માનવીય સમાજ બનાવીએ....''**

**આ સમયે વિધાનસભાની ચૂંટણીનો પ્રચાર ચાલતો હતો. તે દરમ્યાન ટી.વી. ચેનલોની ચર્ચામાં સહિયર (સ્ત્રી-સંગઠન)ના કાર્યકરોએ તમામ પક્ષોના ઉમેદવારોને સ્ત્રીઓની સલામતિ અંગે તેમના પક્ષની ભૂમિકા અંગે પ્રશ્નો પૂછ્યા હતા ત્યારે, ભાજપના કાર્યકરોએ બુમ બરાડા પાડીને તેમને ચુપ કરવાની કોશિશ કરી હતી. તેઓ કહેતા હતા કે, ''ગુજરાતમાં સ્ત્રીઓના કોઈ પ્રશ્નો જ નથી ! સ્ત્રીઓ સંપૂર્ણ સલામત છે...!'' જાણે કે, સ્ત્રીઓના પ્રશ્નો રજૂ કરનારા ગુજરાત વિરોધી હોય...!**

**આ જાહેર કાર્યક્રમમાં પત્રિકાઓ દ્વારા ગુજરાતની જનતાને આત્મમંથન કરતો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે, શું ગુજરાતમાં સ્ત્રીઓ સલામત છે ?**

**અમારો જવાબ છે ''હા'' અને ''ના''.**

કોઈ કહે છે કે દિલ્હી, યુ.પી. જેવા પ્રદેશોની સરખામણીએ ગુજરાતમાં સ્ત્રીઓ વધારે સલામત છે. તેઓ મોડી રાત સુધી છૂટથી હરી-ફરી શકે છે. વાહનો ચલાવીને એકલી જઈ શકે છે. આવી પરિસ્થિતિ બીજાં રાજ્યોમાં નથી. તો એ વાત ચોક્કસ સાચી છે.



પણ સવાલ એ છે કે આજે ગુજરાતની સરખામણી દિલ્હી, યુ.પી.,બિહાર સાથે કરવી જોઈએ કે ૧૦-૧૫-૨૦ વર્ષ પહેલાંના આપણા પોતાના ગુજરાત સાથે જ કરવી જોઈએ ?

**શા માટે ગુજરાતમાં દીકરીઓને જન્મવા દેવામાં નથી આવતી ?**

**ગુજરાતમાં ૦ થી ૬ વર્ષની વસ્તીમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ ભારતની સરખામણીમાં.**

| વર્ષ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૯૧ | ૨૦૦૧ |
|---|---|---|---|---|---|
| ભારત | ૯૭૬ | ૯૬૪ | ૯૬૨ | ૯૪૫ | ૯૨૭ |
| ગુજરાત | ૯૫૫ | ૯૪૬ | ૯૪૭ | ૯૨૮ | ૮૭૮ |

૧૯૬૧માં જ્યારે ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારે ૦ થી ૬ વર્ષનાં બાળકોની વસ્તીમાં દર ૧,૦૦૦ દીકરાઓએ ૪૫ દીકરીઓ ઓછી હતી, ૧૯૮૧માં ૫૩ દીકરીઓ ઓછી હતી અને ૨૦૦૧માં દર ૧,૦૦૦ દીકરાઓએ ૧૨૨ દીકરીઓને જન્મવા દેવામાં આવી નથી. આ બાબતમાં ગુજરાત અને બિહાર એક જ કક્ષામાં આવે છે. એક ચોંકાવનારી અને ગંભીર બાબત એ છે કે ભણતર જ્યાં વધારે છે તેવાં શહેરોમાં દીકરીઓની સંખ્યા વધારે ઓછી છે. શા માટે ? કદાચ, કુટુંબીજનોને ચિંતા છે ''દીકરીની સલામતીની''.

**માનવ અધિકાર દિને સહિયરે સમાજ અને સરકારને અપીલ કરી છે કે ગુજરાતમાં ચિંતાજનક રીતે ઘટી રહેલા દીકરીઓના પ્રમાણને રોકવા માટે માત્ર ''બેટી બચાઓ''ના નારા કામ નહીં લાગે. તે માટે તો દીકરીઓની સલામતિની નક્કર વ્યવસ્થા ઊભી કરવી જ રહી.**

**જે દેશની અડધી વસતિ પોતાના ઘરમાં જ સલામત ન હોય તે દેશ કે સમાજને પ્રગતિશીલ સમાજ કહી શકાય ?**

પોતાના કુટુંબમાં હિંસાના ડર વગર રહી શકવાના સ્ત્રીઓના અધિકારનો સ્વીકાર કરતો કાયદો કૌટુંબિક હિંસા અધિનિયમ ૨૦૦૫ના અમલ માટેનું તંત્ર ઊભું કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. જે માટે સુરક્ષા અધિકારીની નિમણૂક કરવી જરૂરી છે.

**સ્ત્રી-સંગઠનની વારંવારની રજૂઆતોને નજર અંદાજ કરીને સમાજ-સુરક્ષા અધિકારીને વધારાનો ચાર્જ સોંપીને આ કાયદાનું જન્મતાં જ ''ગળું ઘૂંટવા'' જેવું કામ કર્યું છે.** સમાજ-સુરક્ષા અધિકારી પાસે હાલમાં ચાલતી સમાજ-સુરક્ષા ખાતાની તમામ યોજનાઓ અને સંસથાઓની દેખરેખની જવાબદારી છે. જેમાં સરકાર દ્વારા ચાલતાં નારી સંરક્ષણ ગૃહો, બાળ સંરક્ષણ ગૃહો, ભિક્ષુક ગૃહો અને એવી બીજી તમામ નિવાસી સંસ્થાઓની જવાબદારી ઉપરાંત વિધવા પેન્શન યોજના, ઈમ્મોરલ ટ્રાફીક પ્રિવેન્શન એક્ટનો અમલ,

દહેજ પ્રતિબંધક ધારાનો અમલ જેવી અનેક જવાબદારીઓનો સમાવેશ થાય છે. તેમને કૌટુંબિક હિંસાના પ્રશ્નોને સમજવા અને ઉકેલવાનો અનુભવ નથી તેમજ સમય પણ નથી. તેનાં પરિણામો જોઈ શકાય છે કે કાયદાનો અમલ કરીને જે તાત્કાલિક રાહતો સ્ત્રીઓને મળવી જોઈએ તે મળતી નથી. માનવ અધિકાર દિને સ્વતંત્ર અને સંવેદનશીલ સુરક્ષા અધિકારીની નીમણૂકની માંગણી દોહરાવી.

**સરકાર કહે છે ''હાલમાં સુરક્ષા અધિકારીની નવી નિમણૂક કરવાના પૈસા નથી....!!!''**

**માહિતી અધિકાર હેઠળ મેળવેલ માહિતીના આધારે વર્ષ દરમ્યાન સહિયરે રજૂઆત કરી કે ગુજરાત સરકારે મહિલા સશક્તિકરણના નામે સંમેલનો યોજવામાં (મુખ્યમંત્રીનો ચૂંટણી પ્રચાર કરવામાં) રૂપિયા ૬,૦૦,૦૦,૦૦૦/- કરતાં પણ વધારેનો ખર્ચ કર્યો હતો.**

**આટલા પૈસામાં દરેક જિલ્લામાં ઓછામાં ઓછા એક સમાજ સુરક્ષા અધિકારીનો માત્ર પગાર જ નહીં, તેની મદદનીશ સાથેની ઓફિસ પણ પાંચ વર્ષ સુધી ચાલી શકે તેમ છે !!**

## આઓ, માનવીય સમાજ બનાવીએ

તાજેતરનાં વર્ષોમાં સ્ત્રીઓ પર વધી રહેલી હિંસાને સમાજમાં વ્યાપેલ તમામ પ્રકારની હિંસા સાથે સીધો સંબંધ છે. ગુજરાતમાં ૨૦૦૨માં મોટાપાયે થયેલ કોમી રમખાણોમાં લોકોના ઘર લૂંટનાર, બાળનાર, સ્ત્રીઓ પર જાતિય હિંસા, બળાત્કાર કરનાર અને તેમને જીવતી સળગાવી દેનાર તત્ત્વો આજે પણ ખુલ્લે આમ ફરી રહ્યાં છે અને સત્તા પણ ધરાવે છે... તેમની પર પગલાં ભરવામાં સરકાર નિષ્ફળ ગઈ છે એટલું જ નહીં પણ તેમને છાવરવામાં સરકારનો હાથ છે તેવા અહેવાલો બહાર આવ્યા છે ત્યારે તેનું પરિણામ પણ સમાજમાં જેવા મળે છે. **કારણ કે આ અમાનવીય કૃત્યો કરનારાઓની અંદરનો માણસ મરી પરવાર્યો છે. તેઓએ પહેલાં બીજા સમુદાયની સ્ત્રીઓ પર અત્યાચાર કર્યા છે અને હવે પોતાના સમુદાય, મહોલ્લા કે ઘરની સ્ત્રીઓ સાથે પણ એવો જ વહેવાર કરી રહ્યા છે.**

રોજે રોજ છાપું ખોલતાં સ્ત્રીઓ પર, કિશોરીઓ પર કે સગીર બાળાઓ પર વધતા અત્યાચાર અને બળાત્કારના બનાવો આ ગુનાહિત, અમાનવીય માનસિકતાનું પરિણામ છે. આ ગુનેગારોને છાવરવાને બદલે તેમની પર ન્યાયીક કાર્યવાહી થાય અને યોગ્ય શિક્ષા મળે તો જ ગુજરાતની તમામ સ્ત્રીઓની સલામતિ વધે.

**ઘર ઘરથી બોલે છે નારી, ત્રાસ સહિને નથી રહેવાની,**
**કહેવાતી ''ઈજ્જત''ને ખાતર ચૂપચાપ હિંસા નથી સહેવાની.**

## ૮ માર્ચ, આંતરરાષ્ટ્રીય મહિલા દિન

દુનિયાભરની બહેનોનો સાથ નિભાવવા સહિયર દર વર્ષે ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરે છે. આ વર્ષે દર વર્ષની જેમ શાળા-કૉલેજના વિદ્યાર્થીઓ માટે નિબંધ લેખન, જૂથચર્ચાનું આયોજન કર્યું, રેલીનો જાહેર કાર્યક્રમ યોજ્યો અને એક નવા કાર્યક્રમ તરીકે બહેનો માટે રમતોત્સવનું આયોજન કર્યું.

નિબંધ લેખનમાં ૨૦૦ કરતાં વધારે વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો અને જૂથ ચર્ચામાં ભાગ લઈ સમાજના સળગતા પ્રશ્નો પ્રત્યે શહેરની ૧૦ જેટલી શાળાઓના ૭૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પોતાના વિચારો રજૂ કર્યા. નિબંધ તેમજ ચર્ચાના વિષયો હતા...

**૧. શું ગુજરાતમાં સ્ત્રીઓ સલામત છે ?**
**૨. બાળકોમાં વધતી હિંસા માટે જવાબદાર કોણ ?**
**૩. ઉત્સવોની ઊજવણી - કહીં ખુશી કહીં ગમ.**

આ જુથ ચર્ચામાં વિષય નિષ્ણાત તરીકે મ સ યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના વ્યાખ્યાતા સુશ્રી ચૈતાલીબેન વૈષ્ણવ તથા પર્યાવરણ સુરક્ષા સમિતિના શ્રી રોહિતભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતાં. કોલેજ કક્ષાની ચર્ચામાં મ સ યુનિવર્સિટીના પ્રો રાજારામ, સુશ્રી જયશ્રી મિશ્રા અને સુશ્રી ભાવના મહેતાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું.


આંતરાષ્ટ્રિય મહિલા દિન નિમિત્તે યોજાયેલી જનજાગૃતિ રેલી

## રમતોત્સવ

રમતો માત્ર બાળકો માટે જ કેમ ? તન અને મનને તંદુરસ્તી બક્ષતી રમતો બહેનો શા માટે ન રમે ?

મહિલા દિન નિમિત્તે યોજાયેલ રમતોમાં વિવિધ વિસ્તારની ૧૬ વર્ષથી માંડીને ૬૦ વર્ષ સુધીની ૧૦૦ કરતાં પણ વધારે બહેનોએ ભાગ લીધો. સંગીત ખુરશી, માટલા ફોડ, દડા ફેંક, બટાકા રેસ અને એવી બીજી રમતો રમતી મોટી ઉંમરની બહેનોનો ઉત્સાહ જાણે ફરીથી બાળપણ માણતા હોય તેવો હતો. રમતો દરમ્યાન તેમનાં નાનાં બાળકોને સહિયરના કાર્યકરોએ અલગથી વિવિધ પ્રવૃત્તિઓ કરાવી અને રમત રમવામાં મશગુલ માતાઓને જોઇને તેમનાં બાળકોને પણ આનંદ થયો !

## રેલી અને જાહેર સભા

શહેરની મધ્યમાં માંડવીથી નીકળેલી વિશાળ રેલીમાં સહિયર (સ્ત્રી-સંગઠન), આનંદી, બુલંદ આવાઝ મહિલા મંડળ, શીશુ મિલાપ, જ્યોતિ કર્મચારી મંડળ, પર્યાવરણ સુરક્ષા સમિતી, કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ, નિર્મલા સમાજ કેન્દ્ર, રાષ્ટ્રિય સેવાદળ, મહિલા સાંસ્કૃતિક સંગઠન વગેરેના કાર્યકરો જોડાયા.

તોડી તોડીને બંધનોને બહેનો આજે આવે છે...

**ચુપ હે લેકીન યે ન સમજો હમ સદા કે હારે હૈં,**
**રાખ કે નીચે અબભી જલ રહે અંગારે હૈં...**
**એક દો હોતે અગર તો શાયદ ચુપ હો બેઠતે,**
**દેશમેં આધે મરદ તો આધી હમ હૈં ઔરતેં...**

**મેરી બહેના માંગે સલામતિ -**
**જાતિય શોષણ સે સલામતિ, ઘરેલુ હિંસા સે સલામતિ, દંગો સે માંગે સલામતિ...**

...જેવાં ગીતો, સૂત્રોથી વડોદરાના રસ્તા ગુંજી ઉઠ્યા. ગાંધીનગરગૃહ ખાતે આ રેલી સભામાં ફેરવાઈ હતી. તમામ સંગઠનોના કાર્યકરોએ સભાને સંબોધી ઉપરાંત સહિયર (સ્ત્રી-સંગઠન) દ્વારા 'હિંસામુક્ત જીવન આપણો અધિકાર' નાટક, ઓળખ દ્વારા જાતીય સતામણી પર 'બોલ તારે શું કહેવું છે' નાટક અને દિપાલીબેન ઘેલાણીએ 'દીકરીઓને જન્મવા દો, આકાશે આંબવા દો' એકપાત્રી નાટક ભજવ્યું હતું.

આ સભામાં શાળા તથા કોલેજના નિબંધ અને જુથ ચર્ચાના વિજેતાઓને ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

**મદીનાબેનની ઉપસ્થિતિ આ કાર્યક્રમના સહભાગીઓ માટે પ્રેરણારૂપ રહી.**

૨૦૦૨ની ગુજરાતની હિંસામાં કાલોલ પાસેના એરોલ ગામનાં મદીનાબેન મુસ્તફા શેખના કુટુંબની છોકરીઓ બળાત્કાર અને હત્યાનો ભોગ બની હતી અને બીજા ૧૧ સભ્યોની હત્યા થઈ હતી. આ ઘટનાના મહત્ત્વના સાક્ષી એવાં મદીનાબહેન ઉપર ધાક-ધમકી દ્વારા દબાણ લાવવાની તમામ કોશિશો છતાં તેઓ મક્કમ રહ્યાં હતાં. લાંબા કાનુની સંઘર્ષને અંતે પાંચ મહિનાં પહેલાં જ ગોધરાની કોર્ટે આ કેસમાં ચુકાદો આપ્યો હતો. ૨૦૦૨ની હિંસાના ગુનેગારોને સજા ફરમાવતો ગુજરાતનો આ પ્રથમ ચુકાદો છે. જો કે આ ચુકાદામાં કેટલાક ગુનેગારોને ખોટી રીતે નિર્દોષ છોડી મૂકવામાં આવ્યા છે તેથી મદીનાબેનનો કાનુની સંઘર્ષ હજુ પણ ચાલુ જ છે. આ સભામાં તમામ સંગઠનોએ તેમની હિંમતને ખાસ બિરદાવી અને તેમની પડખે ઊભા રહેવાની બાંહેધરી આપી હતી.

### બિલ્કીસબાનો જજમેન્ટ

તા. ૨૧-૦૧-૨૦૦૮ના રોજ મુંબઈ સેસન્સ કોર્ટ દ્વારા આપવામાં આવેલ બિલ્કીસબાનોના કેસનો ચુકાદો ન્યાય માટે વલખાં મારી રહેલી અનેક સ્ત્રીઓ માટે આશાના કિરણ જેવો છે.

તમામ મુશ્કેલ પરિસ્થિતિઓ વચ્ચે ન્યાય માટે અડિખમ રહીને સંઘર્ષ કરનાર ગુજરાતની આ બંને સ્ત્રીઓએ ન્યાય મેળવી એ સાબિત કરી દીધું છે કે હવે સ્ત્રીઓ 'ઈજ્જત'ના નામે ચૂપ રહી અત્યાચાર સહન કરવા તૈયાર નથી.

ગત ઓક્ટોબરમાં પંચમહાલની મદીનાબહેને અને હવે બિલ્કીસબાનોએ સંઘર્ષ કરીને જે ન્યાય મેળવ્યો છે તે માટે તે બંનેને તેમજ આ સંઘર્ષમાં તેમને સાથ આપનાર તેમના કુટુંબીજનો તથા સહિયરના સાથી કાર્યકરોને સહિયર (સ્ત્રી-સંગઠન) અભિનંદન પાઠવે છે તેમજ આગળ ઉપર સંઘર્ષ જારી રાખવામાં સહયોગ આપવાની ખાતરી આપે છે.

# સંશોધન અને સંગઠન

નારી અભ્યાસની જાણીતી સંસ્થા યુગાંતર સાથે મળીને "Negotiating Citizenship For Minority Women" (લઘુમતી સમુદાયની સ્ત્રીઓની નાગરિકતા અંગેની વાટાઘાટો) વિષયના સંશોધનમાં ભાગીદાર બન્યા.

કોમી તોફાનોના કારણે લઘુમતિ સમુદાયની સ્ત્રીઓની એક નાગરિક તરીકેની પરિસ્થિતિમાં શું અસરો થાય છે તેનો અભ્યાસ યુગાંતર સંસ્થા દ્વારા હૈદ્રાબાદ, મુંબઈ, અમદાવાદ, પંચમહાલ, સાબરકાંઠા અને વડોદરામાં કરવામાં આવ્યો. આ સંશોધનમાં વડોદરાના અભ્યાસની જવાબદારી સહિયરે સ્વીકારી. તેનો હેતુ અલગ અલગ શહેરોના અનુભવો પરથી એક સ્ત્રી તરીકે અને નાગરિક તરીકેની તેમની ભૂમિકા પર કેવી અસર થાય છે તેને સમજવાનો હતો. ભવિષ્યમાં આવા બનાવો બનતા રોકવા અને બને તો તેમાં અસરગ્રસ્તને ન્યાય અને ગુનેગારને શિક્ષા થાય માટે કેવાં પગલાં ભરવાં તેનું વિશ્લેષણ કરવાનો હતો.

વર્ષ દરમ્યાન વડોદરાના વિવિધ વિસ્તારોની અલગ અલગ પૂર્વભૂમિકા ધરાવતી બહેનોના વિગતવાર ઈન્ટર્વ્યુ દ્વારા એ જાણવાની કોશિશ કરી કે કોમી હિંસાના અનુભવની તેમની જિંદગી પર ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની શું અસરો થઈ ? એક સ્ત્રી તરીકે કુટુંબ, સમુદાય, ધાર્મિક આગેવાનો, રાજકીય આગેવાનો, રાજ્યનાં વિવિધ અંગો જેમકે, પોલીસ, વહીવટીતંત્ર, ન્યાયતંત્ર અને સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકાના કેવા અનુભવ થયા અને આ પરિસ્થિતિને પહોંચી વળવા તેમણે શું રણનીતિઓ અપનાવી.

આ અભ્યાસનાં તારણોનું વિશ્લેષણ કરી રહ્યા છીએ, જે પૂરું થયે તેની જાણકારીની આપ-લે કરીશું.

આ સંશોધનના ભાગરૂપે એક એકશન રીસર્ચનો પ્રોજેક્ટ અમલમાં મૂક્યો જેના દ્વારા વડોદરાના સંવેદનશીલ પૂર્વવિભાગના વિસ્તારોની સક્રિય સ્ત્રીઓને ન્યાય, શાંતિ અને કોમી એકતા માટે પોતાના વિસ્તાર અને સમુદાયની આગેવાની લેવાની તાલીમ આપી પાયાના કાર્યકરોનું સંગઠન ઊભું કરવાની દિશામાં એક પગલું ભર્યું. સહિયરના વિકાસમાં આ એક ખૂબ જ મહત્ત્વનું પગલું બની રહેશે એવું લાગે છે.

# ન્યાય, શાંતિ અને કોમી એકતા માટે પાયાના સ્ત્રી કાર્યકરોની 'વિસ્તારના આગેવાન' તરીકે તાલીમ

૨૦૦૨ની કોમી હિંસા દરમ્યાન અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત કામ કરતા એક વાત જોવા મળી હતી કે જ્યારે પોલીસ, સરકાર, માધ્યમો અને બહુમતિ સમુદાયનો મોટો ભાગ આ હિંસામાં સામેલ હતો અથવા તેને મૌન ટેકો આપતો હતો ત્યારે પોલીસ અને એના ટોળાના અત્યાચાર સામે પુરુષો માટે બહાર નીકળવું મુશ્કેલ લાગતું હતું, બહાર નીકળશે તો પોલીસના વધારે અત્યાચારનો ભોગ બનવું પડશે તેવો ડર લાગતો હતો. તેવામાં કેટલીક સ્ત્રીઓ ડર્યા વગર બહાર આવી અને સક્રિય બની. પોતાની વાત પોલીસ, સરકાર, માનવઅધિકાર સંગઠનો અને માનવઅધિકાર પંચ, ચુટણી પંચ અને અન્ય વિવિધ પંચો સમક્ષ રજૂ કરી. તેઓ સાહજિક રીતે પોતાના પરિવારની જ નહીં પરંતુ વિસ્તાર કે સમુદાયની આગેવાની કરવા લાગી. આ દરમ્યાન તેઓ પહેલીવાર સ્ત્રી સંગઠનો અને માનવ અધિકાર માટે કામ કરતાં સંગઠનોના પરિચયમાં આવી. હિંસા શમ્યા બાદ આ સક્રિય સ્ત્રીઓ પાછી નિષ્ક્રિય ન બની જાય તે માટે સહિયર સતત તેમના સંપર્કમાં રહી તેમનો ટેકો આપતી રહી. દરમ્યાન વારંવાર કોમી હિંસાની લપેટમાં આવતા રહેતા આ વિસ્તારોમાં હિંદુ-મુસ્લીમ બંને સમુદાયની સ્ત્રીઓમાં કોમી એકતા અને શાંતિ સ્થપાય તેવી ઇચ્છા પણ જોવા મળતી હતી. આ બધા અનુભવોમાંથી પ્રેરણા લઈ આ સંશોધનના ભાગરૂપે એક્શન રીસર્ચ માટેનો વિષય નક્કી કર્યો, જે હતો ''ન્યાય, શાંતિ અને કોમી એકતા માટે પાયાની સ્ત્રી કાર્યકરોની વિસ્તારના આગેવાન તરીકે તાલીમ''. આ તાલીમના હેતુ હતા...




મહિલાઓના અણીયાળા પ્રશ્નોનો લાખાવાલા જવાબ ના આપી શક્યા

શિક્ષણ, અનાજ વિશે પ્રશ્નો કર્યા તો સામે પૂછ્યું તમને સામા પક્ષે મોકલ્યા છે?

- સંવેદનશીલ વિસ્તારની કાર્યકર સ્ત્રીઓ વિવિધ સરકારી તંત્રો સાથે વાટાઘાટો કરતા શીખે અને તેમાં પોતાના વિસ્તારની આગેવાની કરે.
- એક સ્ત્રી અને નાગરિક તરીકે પોતાની જિંદગીને સ્પર્શતાં વિવિધ પરિબળો વિશે સૈદ્ધાંતિક સમજ વિકસાવે અને તેમની સાથે વ્યવહાર કરતા શીખે અને
- સમાજ-પરિવર્તનના કામમાં આ આવડતનો ઉપયોગ કરે.

પૂર્વવિભાગના સંવેદનશીલ વિસ્તારોની ૨૮ જેટલી હિંદુ-મુસલમાન કાર્યકર બહેનો આ તાલીમમાં સ્વૈચ્છિક રીતે જોડાઈ. વર્ષ દરમ્યાન ૧૦ જેટલી મહિનાની મિટિંગ, ૧૩ આખા દિવસની તાલીમ ઉપરાંત ૯ મુલાકાતો થઈને કુલ ૩૨ દિવસની સઘન તાલીમમાંથી પસાર થઈ. પોલીસ સ્ટેશન, કોર્ટ, વોર્ડ ઓફીસ, સરકારી કચેરીઓ, અન્ય સંસ્થાઓની રુબરુ મુલાકાત દ્વારા વ્યવહારુ જ્ઞાન મેળવવા ઉપરાંત તેમણે નારીવાદના મૂળભૂત સિદ્ધાંતો, જેન્ડર, પિતૃસત્તા, ભારતના બંધારણે આપેલા મૂળભૂત અધિકારો, ફરિયાદી, આરોપી અને સાક્ષી તરીકેના અધિકારો, સ્ત્રીઓને લગતા કાયદાઓ, કોમવાદ અને કોમી હિંસાનું રાજકારણ તથા તેની સામેની વ્યુહ રચનાઓ, ચૂંટણી અને મતાધિકાર તેમજ તમામ ઉમેદવારની વિરુદ્ધમાં મત આપવાનો અધિકાર, માહિતીનો અધિકાર, વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનના વિવિધ વિભાગો અને તેમની કામગીરી, કાઉંસેલીંગની પ્રક્રિયા અને તેના સિદ્ધાંતો, આંતરાષ્ટ્રીય મહિલા દિનનો ઇતિહાસ જેવા વિષયોની સહભાગીતા યુક્ત તાલીમ પદ્ધતિ દ્વારા જાણકારી મેળવી.

પોતાના વિસ્તારોમાં બહેનોની મિટિંગો કરી, માનવ અધિકાર દિન અમે મહિલાદિનની ઉજવણીના આયોજનમાં ભાગીદારી નોંધાવી..

વિધાનસભાની ચૂંટણી દરમ્યાન સ્ત્રીઓ તેમજ સામાન્ય જનતાની માંગણીઓ અંગે પોતાના વિસ્તારમાં ચર્ચા કરી અને ''બુલંદ અવાજ''ના નામે પોતાનું આગવું સંગઠન બનાવી તમામ પક્ષના ઉમેદવારોને પ્રશ્નો પૂછી પોતાનો બુલંદ અવાજ રજૂ કર્યો.

**આ તાલીમની સફળતાથી પ્રેરાઈને સપ્ટેમ્બર ૨૦૦૮થી કાર્યકર્તાઓની બીજી બેચને તાલીમ આપવાની તૈયારી કરી રહ્યા છીએ.**

**હિન્દુ-મુસ્લીમ-શીખ-ઈસાઈ, પહેલી ઓળખ સ્ત્રી છે અમારી**
**સ્ત્રીઓ પણ છે માનવી પહેલાં, એ સૌને સમજાવોને !**



# વર્ષ દરમ્યાન તાલીમ અને ઝુંબેશ

**નીચે મુજબની તાલીમો/મિટિંગોમાં રીસોર્સ પરસન તરીકે યોગદાન આપ્યું.**

* સંવેદનશીલ વિસ્તારના આગેવાન બહેનોની ૧૩ જેટલી તાલીમ શિબિરોમાં.
* જેન્ડર રીસોર્સ સેન્ટર દ્વારા યોજાયેલ સમાજ સુરક્ષા અધિકારીઓ અને અન્ય સરકારી અધિકારીઓની તાલીમ.
* ઉન્નતિના ગુજરાત તેમજ રાજસ્થાનના કાર્યકરોની તાલીમ.
* પોલીસ કમિશ્નર, વડોદરા દ્વારા યોજાયેલ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની તાલીમ.
* કૌટુંબિક હિંસા અધિનિયમનું એક વર્ષ પૂરું થતા ગુજરાતની સંસ્થાઓ દ્વારા યોજાયેલ પ્રેસ કોન્ફરન્સ.
* Association For Women In Development (AWID) દ્વારા યોજાયેલ, ધાર્મિક કટ્ટરતાવાદ સામેની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં.
* IDRCની દિલ્હી ખાતે યોજાયેલ વર્કશોપમાં યુગાંતર સાથે કરેલ અભ્યાસના પ્રાથમિક અનુભવોની રજૂઆત કરી.
* રોટરી ક્લબ દ્વારા આયોજિત મહિલા દિનના કાર્યક્રમમાં 'દેશ તેમજ દુનિયામાં સ્ત્રીઓના અધિકાર માટેનો સંઘર્ષ' વિષય પર વ્યાખ્યાન.

**નીચે મુજબની તાલીમો/મીટિંગોમાં ભાગ લીધો.**

* પી યુ સી એલ ની વિવિધ મીટિંગો, મુસ્લીમ વીમેન્સ રાઈટ નેટવર્કની, જન સ્વાસ્થ્ય સભાની મીટિંગોમાં, અખિલ ભારતીય સેવાદળના કાર્યક્રમમાં ભાગ લીધો.
* યુવતિ મેલાના આયોજન અંગે અક્ષરા, મુંબઈ દ્વારા યોજાયેલ તાલીમ, સફર, અમદાવાદ દ્વારા યોજાયેલ કાનૂની તાલીમમાં જોડાયા.

**ઝુંબેશમાં સહકાર**

* ફાઈન આર્ટસ ફેકલ્ટીના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોના આંદોલનમાં, બાંધકામ મજદૂર સંગઠનના આંદોલનના ટેકામાં, કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળના સફાઈ કામદારોને ન્યાય માટેના આંદોલનમાં તથા જન આંદોલન દ્વારા યોજાયેલ રેશનકાર્ડ માટેના આંદોલનમાં સહભાગી બન્યા.
* રાજ્યકક્ષાના સંકલનના ભાગરૂપે કૌટુંબિક હિંસા અધિનિયમના અમલ માટે મહિલા અને બાળકલ્યાણ મંત્રીને આવેદન પત્ર આપી રજૂઆત કરી.
* ગર્ભજાતિ પરિક્ષણ વિરોધી કાયદાના અસરકારક અમલ માટે કેન્દ્રિયમંત્રી રેણૂકા ચૌધરી સમક્ષ રજૂઆત કરી.

## સંશોધકો (Researcher)ને સહકાર

વખતો વખત દેશ તેમજ દુનિયાના સંશોધકો સહિયર સાથે અથવા સહિયરના કાર્ય વિસ્તારમાં થતી પ્રવૃત્તિઓના અનુસંધાનમાં સ્ત્રીઓને સ્પર્શતા પ્રશ્નો અંગે સંશોધન કરે છે. આ વર્ષ દરમ્યાન મેધાકુમાર - ઓક્સફર્ડ યુનિ. યુ.કે., બેલરી - ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ રીસર્ચ સેન્ટર, કેનેડા તથા દીપા ધનરાજ અને કે. લલીથા - યુગાંતર, હૈદ્રાબાદ જેવા સંશોધકોએ સહિયરની મદદથી પોતાના સંશોધન (રીસર્ચ) કર્યા.

## તાલીમી વિદ્યાર્થીઓ (Student's Placement)

દર વર્ષે ગુજરાતની જાણીતી યુનિવર્સિટીઓના વિવિધ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને તાલીમ માટે સહિયરમાં પ્લેસમેન્ટ આપવામાં આવે છે.

ગત વર્ષ દરમ્યાન ૧૫ જેટલા વિદ્યાર્થીઓએ તાલીમ લીધી. જેમાં...

ગુજરાત વિદ્યાપીઠના સમાજકાર્ય વિભાગના ૨ વિદ્યાર્થી,

ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગના ૨ વિદ્યાર્થી

,, લૉ ફેકલ્ટીના ૬ વિદ્યાર્થી,

,, હોમસાયન્સ ફેકલ્ટીના ૪ વિદ્યાર્થી

બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો ૧ વિદ્યાર્થી

આ વિદ્યાર્થીઓએ સહિયરની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ ફીલ્ડ વર્ક, જુથ વર્ક, સંશોધન,તાલીમ અને વહીવટી કામોનો અનુભવ લીધો તથા નારીવાદી વિચારોથી પરિચિત થયા.

તે ઉપરાંત ૧૨ જેટલાં અન્ય વિદ્યાર્થીઓએ પોતાના ફિલ્ડવર્ક કે સંશોધન કાર્ય માટે સહિયરની પત્રિકાઓ, પોસ્ટર્સ તથા અન્ય સાહિત્યનો ઉપયોગ પોતાની તાલીમ માટે કર્યો.

# દીકરીને જન્મવા દો, ખીલવા દો, આકાશે આંબવા દો...

(દિપાલી ઘેલાણી રચિત એક પાત્રી અભિનય)

(સ્ટેજ પર એક સ્ત્રી ખૂબ ઉદાસ ચહેરે ફરી રહી છે)

**સ્ત્રી** : અરે તમે મને એમ પૂછવા માંગો છો ને કે, આ આનંદ અને ઉત્સવોના વાતાવરણમાં હું ઉદાસ કેમ છું; તો સાંભળો, આજે મારે મારા હૃદયની વાત તમને કહેવી છે. જરા કઠણ કાળજાના બની જજો. જેને મોતની સજા મળવાનું નક્કી થઈ ગયું હોય તે કેવી રીતે આનંદમાં રહી શકે ? હા... મોતની સજા. હવે તમે જરૂર સમજી ગયા હશો કે આ તો મોતની સજા પામેલા ગુનેગારનું આત્મવૃત્તાંત છે. હશે, એણે જરૂર એવાં કંઈક કામ કર્યા હશે જેથી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ પ્રમાણે તેને મોતની સજા થઈ હશે. વળી આપણે તો આને ઓળખતા પણ નથી. શા માટે આવ્યા છે આપણા રંગમાં ભંગ પડાવવા ? આ ખુશીના માહોલમાં રોદણાં રડવા. ના... હું તમારાથી અજાણી નથી. હું તમારી સાવ નજીકની સગી છું. તમારી આસપાસ, ક્યારેક તમારા જ ઘરમાં અને ક્યારેક તમારી અંદર છું. હમણાં હું મારી ઓળખાણ આપીશ. બસ થોડીવાર... થોડો ઈંતજાર...

અને મેં કોઈ ગુનો પણ નથી કર્યો. નથી હું ગુનેગાર. નથી મેં ખૂન કર્યું કે નથી કર્યા ચોરી-લૂંટફાટ. અરે મેં તો આ દુનિયા જોઈ પણ નથી. ના, હું પ્રજ્ઞાચક્ષુ નથી. પણ તમે મારી ઉંમર તો પૂછી જ નથી ! મારી ઉંમર માત્ર ૧૨ અઠવાડિયાં છે ! હું એક સ્ત્રી, ના દીકરી, ના હજી દીકરી પણ નથી. હજી મેં જન્મ જ લીધો નથી. હું હજી માતાના ગર્ભમાં રહેલું ભ્રૂણ છું અને ડૉક્ટરનું કહેવું છે કે હું સંપૂર્ણ સ્વસ્થ છું. મારામાં કોઈ શારીરિક ખોડખાંપણ નથી.

ના, હું કોઈ કુંવારી કન્યાની કુખે અવતનાર, છાપાવાળાની ભાષામાં 'ધૂલ કા ફૂલ' પણ નથી. હું કાયદેસર લગ્નમાં બંધાયેલા પ્રેમાળ પતિ-પત્નીનું આવનારું ફરજંદ છું. હવે તમે મને જરૂર ઓળખી ગયા હશો. ખરું ને ?

હું ઘરે ઘરમાં નહીં જન્મી શકનાર દીકરી છું. હું તમારા નાના ભાઈને ત્યાં પહેલી પુત્રીના જન્મ પછી આવનારું બીજું બાળક છું કે પછી એક જ બાળક કરવાની ઇચ્છા ધરાવતાં આધુનિક દંપતીને ત્યાં આનાર પહેલું જ ગર્ભસ્થ શિશુ છું, કે પછી મોટા બિઝનેસ અમ્પાયરને સાચવનાર ને વારસદાર પુત્રની ઇચ્છા ધરાવતા એક સભ્ય સમાજના નાગરિકનું આવનારું સંતાન છું. મને મૃત્યુની સજા મળવા માટેનું એક માત્ર કારણ છે કે હું દીકરી છું... દીકરો નહીં... મને મૃત્યુની સજા થનાર છે. જન્મતા પહેલાં જ મૃત્યુની સજા ! આ લોકશાહી દેશના આ અમાનવીય કૃત્ય માટે સમાજના વિવિધ લોકોનું, બુદ્ધિશાળી લોકોનું શું માનવું છે ? આવો, આપણે મળીએ આ સૌને...

**ડૉક્ટર** : જુઓ આમ તો PNDT Act ૧૯૯૬ પ્રમાણે મારા કલીનીકમાં બોર્ડ મારેલું છે, અહીં બાબો કે બેબીની તપાસ થતી નથી. પણ હું તો સમાજસેવાનું કામ કરું છું. હું નહીં કરું તો બીજું કોણ કરશે, ખરું ને ? સોનોગ્રાફી પછી જો હું જયશ્રીકૃષ્ણ કે જય શ્રીરામ કહું તો દીકરો અને જય માતાજી કહું તો દીકરી... સમજી ગયાને !

**કાયદો** : અમે તો ૧૯૯૬માં કાયદો પસાર કરી દીધો છે. બીજું શું કરીએ ?

**સરકાર** : ગર્ભ પરીક્ષણની જાહેરાત કરનારને ત્રણ વર્ષ સુધીની જેલ અને ૧૦,૦૦૦ રૂ. સુધીનો દંડ. કાયદામાં ડૉક્ટર માટે, ગર્ભ પરીક્ષણ માટે દબાણ કરનાર પતિ અને ઘરના અન્ય સદસ્યો માટે પણ સજાની જોગવાઈ છે. પણ એ નહીં પૂછતા કે ૧૯૯૬થી અત્યાર સુધી કેટલા લોકોને સજા થઈ છે ?

**ધર્મગુરુ** : અમે તો કહીએ છીએ કે યત્ર નાર્યસ્તુ પૂજ્યંતે રમંતે તત્ર દેવતાઃ પણ શું કરીએ પુ નામના નરકમાંથી માત્ર દીકરો જ તારી શકે, શ્રાદ્ધ કરવાનો અધિકાર દીકરાનો... વગેરે વગેરે... માતાને આશીર્વાદ પણ મળે શતપુત્રવતી ભવ.. તમે ક્યાંય દીકરીની માતા બનવાના આશીર્વાદ સાંભળ્યા છે ? માત્ર એક જ ધર્મની વાત નથી હંમેશાંથી બધા જ ધર્મોમાં સ્ત્રીને પુરુષથી પછીનું સ્થાન આપ્યું છે.

**પતિ** : જો ડાર્લિંગ, આપણે જે કંઈ કરીએ છીએ એ આપણાં ભવિષ્ય માટે જ ને. મારે એક દીકરો તો જોઈએ જ છે. તું મારા માટે એક વધુ એબોર્શન ન કરાવી શકે ? I Really Love You.

**સાસુ** : હું બીજું કંઈ ના જાણું. અમારે તો એક કુળદીપક જોઈએ. વંશનું નામ ચલાવવા માટે.

અને મારી માતા...

**માતા** : હું છોકરી તરીકે મોટી થઈ ત્યારે મારે કેવાં કપડાં પહેરવાં, કેટલા વાગે ઘેર પાછા આવી જવું, કોની સાથે મિત્રતા કરવી ને પછી મોટી થયા પછી કેટલું ભણવું અને કોની સાથે લગ્ન કરવું એ તમામ નિર્ણયો પહેલા મારા વડીલો અને પછી મારા પતિ દ્વારા લેવાયા છે. હવે અચાનક આજે મારા ગર્ભમાં રહેલા બાળકને જન્મ આપવો કે નહીં તેનો નિર્ણય હું જાતે કઈ રીતે લઈ શકું ?

સાંભળ્યુ તમે, મારી માતા આ સમાજના, પોતાના પરિવારના, અરે પોતાના જ પતિ દ્વારા મને મૃત્યુ દંડ આપવા મજબુર થઈ છે. આપણાં કાયદામાં મૃત્યુની સજા પામનાર, રાષ્ટ્રપતિને દયાની અરજી કરી શકે છે પણ હું સજા ન થાય તે માટે તમને

અપીલ કરુ છું. ''દીકરી છું, માનવ છું, માનવતાને મારશો શું ?''

ભારતમાં ને તેમાંય ગુજરાતમાં દીકરીઓની સંખ્યા દિન પ્રતિદિન ઘટતી જાય છે. ગુજરાતમાં તો દીકરાની સરખામણીએ ૪,૪૫,૦૦૦ કરતા પણ વધારે દીકરીઓ ઓછી છે.

કુદરતની વ્યવસ્થામાં જો ચેડા કરવામાં ન આવે તો જ સ્ત્રી પુરુષની સંખ્યા સંતુલિત રહે. શું દીકરીઓ વગરનો, સ્ત્રી વગરનો સમાજ શક્ય છે ? દરેક વ્યક્તિ વિચારે કે મારે ઘેર નહી બીજાને ઘેર ભલે દીકરી આવતી તો આ દુનિયા દીકરીઓ વગરની બની જશે. ઝાંસીની રાણી, કલ્પના ચાવલા, કિરણ બેદી, સુનિતા વિલીયમ્સ જેના નામો શા માટે આગંળીના વેઢે ગણાય તેટલા જ રહે...? શા માટે ઘર ઘરમાંથી દીકરીઓ દીવો પ્રગટાવી આ સમાજના અંધારા દૂર ન કરી શકે ? આવો આજે સૌ ભેગા મળી આ નહીં જન્મેલી દીકરીની મૃત્યુની સજા મોકુફ રખાવીએ.

દીકરીને જન્મવા દો, ખીલવા દો, આકાશે આંબવા દો...

## ગર્ભસ્થ દીકરીનો માને સંદેશો

'પુરુષોની દુનિયામાં દીકરીને જણવી શેં ?',
એવા વિચારને તું ભુલાવી દે.
એકવાર દુનિયાને જોવા દે મા !
પછી જોજે, આ દુનિયાને 'જોઈ લઈશું'.
એકવાર આંખો તો ખોલવા દે મા !
પછી દુનિયાની આંખોને ખોલી દઈશું.

નાનકડો અંકુર છે નિર્બળ ને નિઃસહાય,
એવા વિચારને તું મિટાવી દે.
એકવાર અંકુરને ફુટવા દે મા !
પછી વૃક્ષ બની છાંયો દઈશ હું.
પોષણ ને પ્રેમનું સિંચન દે મા !
પછી હાથ ઝાલી આકાશે આંબી લઈશું.

તારા અરમાનોની રાખ કેરા-ઢગલામાં,
તણખો છુપાયો છે જાણું છું હું.
તણખાનો વારસો આપી દે મા !
પછી સપનાના સૂરજને પ્રગટાવીશું.
આખું આકાશ અને આપણી આ ધરતીને
ન્યાય અને પ્રેમથી શણગારીશું.

અસંભવ જેવું છે દુનિયા બદલવી,
એવા વિચારને તું ફંગોળી દે.
એકવાર તક મને આપી જો મા
પછી શક્યતાનાં બારણાઓ ખોલી દઈશું.
તું મારી સહિયર ને તારી સહેલી હું,
નૂતન સમાજને સરજી દઈશું.

- તૃપ્તિ શાહ

## મહિલા-મંડળો અને બચત-મંડળો

શહેરના પૂર્વ વિભાગના બાવામાનપુરા, બાવચાવાડ, કીશનવાડી, એકતાનગર વગેરે વિસ્તારની બહેનો સાથે મહિલા-મંડળ અને બચત-મંડળ બનાવવામાં આવ્યાં છે. આ મંડળોનો આશય માત્ર બચત અને લોન પૂરતો મર્યાદિત ન રહેતાં વિસ્તારની બહેનોનું સંગઠન બનાવી તેમને મૂંઝવતા પ્રશ્નો અંગે એકબીજા સાથે ચર્ચા કરી પોતાનો આત્મવિશ્વાસ વધારવાનો છે. સાથે સાથે બહેનોને બેંકની લેવડ-દેવડ કરવાનો પણ અનુભવ થાય છે. થોડી બચત થાય અને ઓછા વ્યાજે જરૂરીયાત સમયે તેઓને તાત્કાલિક લોન મળે એવી વ્યવસ્થા ઊભી થઈ શકે તે આશયથી બચતની પ્રવૃત્તિ લોકવિકાસ નિધિ સાથે મળીને ચલાવવામાં આવે છે.

સહિયર દ્વારા આ મંડળોની બહેનો સાથે જાગૃતિ કાર્યક્રમ અને શિબિરો યોજવામાં આવે છે. ગયા વર્ષ દરમ્યાન સ્ત્રીઓ પર થતી અલગ અલગ પ્રકારની હિંસાઓ, ગર્ભજાતિ પરીક્ષણ, કોમવાદ, બહેનોના અધિકારો, સરકારી યોજનાઓ વિશે જાણકારી આપવામાં આવી હતી.

મહિલા-મંડળની કેટલીક બહેનો સહિયર દ્વારા ચાલતી પોતાના વિસ્તારમાં આગેવાની લઈ શકે તેવી ટ્રેનીંગમાં પણ જોડાયેલી છે.

**ગત વર્ષ દરમ્યાન ૧૧ બચત મંડળોમાં ૧૯૦ બહેનો જોડાયેલી હતી.**

## मैं तुम्हें लौटाती हूं

**ऐ डर मैं खुद को तुमसे अलग करती हूं,**
**अब तुम मेरी छाया नहीं हो ।**
**मैं तुम्हें अपने आप में नहीं बसने दूंगी ।**
**अब तुम मेरी आंखो में, कानों में,**
**मेरी आवाज़ में, मेरे उदर में नहीं रह सकते;**
**न ही मेरे दिल में; मेरे दिल में, मेरे दिल में**
**पर मेरी चुनौती स्वीकारो,**
**ऐ डर मैं ज़िंदा हूं**
**और तुम मौत के ख़ौफ से कितना कांप रहे हो ।**

**जॉय हार्जो**



▲ જાતીય શોષણથી મુક્ત સમાજ આપણો અધિકાર છે...
– સયાજીગંજ, વડોદરા પાસે દેખાવો



▲ પાટણમાં જાહેર સભા



◀ ન્યાય, શાંતિ અને કોમી એકતા માટેની તાલીમની કેટલીક યાદગાર પળો.

## ૮ માર્ચનો એક જ નારો... વર્ષનો પ્રત્યેક દિવસ અમારો...



મદીનાબહેનના પડખે



ગાંધીનગરગૃહના ઓટલે... (વડોદરા)



હિંસામુક્ત જીવન – આપણો અધિકાર (નાટક)



તોડી તોડીને બંધનોને બહેનો આજે આવે છે... આવે છે ધૂમ મચાવે છે, એ તો મહિલા દિવસ મનાવે છે.

# FOR EVERY WOMAN

*By : Nancy R. Smith*

For every woman who is tired of acting weak when she knows she is strong,
*There is a man who is tired of appearing strong when he feels vulnerable.*

For every woman who is tired of acting dumb,
*There is a man who is burdened with the constant expectation of "Knowing everything".*

For every woman who is tired of being called "an emotional female",
*There is a man who is denied the right to weep and be gentle.*

For every woman who feels "tied down" by her children,
*There is a man who is denied the full pleasure of shared parenthood.*

For every woman who is denied meaningful employment and equal pay,
*There is a man who must bear full financial responsibility for another human being.*

For every woman who was not taught the intricacies of an automobile,
*There is a man who was not taught the satisfaction of cooking.*

For every woman who takes a step towards her own liberation,
*There is a man who finds that the way to freedom has been made a little easier.*



સહિયરો સાથે શૈક્ષણિક પ્રવાસ



મહેંદી ક્લાસ
શીખીએ અને શીખવાડીએ

મોરને નૃત્ય વગર નથી ચાલતું,
કોયલને કુંજન વગર નથી ચાલતું,
તમારામાં એવું તે શું છે ?
કે અમને...
સહિયરની સખી વગર નથી ચાલતું ?

૦ રાવલ પારુલ ૦
– જાગૃતિ જૂથની
વિદ્યાર્થિની

સ્ત્રીઓના અધિકાર : માનવ અધિકાર
(ન્યાયમંદિર પાસે, વડોદરા)



## સહિયર સમૂહ



(પાછળની લાઈનમાં ડાબેથી ક્લોક વાઈસ)

હેતલ પરમાર, રીટા ચોકસી, દીપાલી ઘેલાણી, કમલ ઠાકર, પ્રિયા સંકપાળ, જુઆના લોખંડે, સુનંદા તાયડે, ભરતભાઈ પટેલ, મુબીન કાદરી, તૃપ્તિ શાહ, રીના જગતાપ, સૂયકાંતા શાહ, પ્રિતલ ઠાકર, રેશ્મા વ્હોરા.

પ્રકાશક : સહિયર સ્ત્રી સંગઠન, જી-૩ શિવાંજલી ફ્લેટ્સ, નવજીવન પાસે, આજવા રોડ, વડોદરા.
ફોન (૦૨૬૫) ૨૫૧૩૪૮૨ E-mail : sahiyar@gmail.com
(માત્ર ખાનગી વિતરણ માટે)